**<u>હારીજના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ, મુ.હારીજ.</u>**

**ફોજદારી કેસ નંબર :–૮૧૮/૨૦૨૫**

**આંક :–**

**ફરિયાદી** **:–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** **:–**
(૧) રમેશજી વાઘુજી ઠાકોર
(૨) કાળુજી જેણાજી ઠાકોર
(૩) સેંધાજી વેરશીજી ઠાકોર
(૪) રાહુલજી પોપટજી ઠાકોર
(૭) પ્રકાશજી નાથુજી ઠાકોર

**<u>ગુનો :–જુગારધારા કલમ ૧૨ મુજબ....</u>**

**<u>ઠરાવ</u>**

આ કામે ફરીયાદી પક્ષના કેની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓ ફરીયાદમાં જણાવેલ સમયે અને સ્થળે પોતાના અંગત ફાયદા સારૂ પૈસાની હારજીતનો જુગાર રમતાં મળી આવતાં જુગારધારાની કલમ ૧૨ મુજબનો ગુનો કરેલ. જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરીયાદ કરવામાં આવેલી, તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો જણાતાં અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

આરોપીઓને અદાખલ સમક્ષ રજુ કરતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ મુજબ પોલીસ પેપર્સ નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે અને તેઓને ગુના અંગે આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેઓને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપી પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ અને તે અંગે પોતાની સહીથી કબુલાત પુરશીશ આપેલ છે.

આરોપીએ એવી રજુઆત કરેલ છે કે તેઓ ખુબ જ ગરીબ વર્ગના છે, તેઓના ઘરમાં પોતાના સિવાય કોઈ પણ ઈસમ કમાનાર નથી, હવે પછી કયારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહીં, તેઓ પોતાને સુધરવાની તક આપવા આજીજી કરે છે, જેથી દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે, વધુમાં તમામ આરોપીઓએ 'નો'

કલેઈમ' પુરશીશ આપેલ છે અને જણાવેલ છે કે સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ તેઓ કલેઈમ કરવા માગતાં નથી.

**નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નં. ૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો તેમજ સદરહું ચુકાદાના **પાના નંબર ૭૨૧ ના પેરા નં.૨૧** માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુંટુંબ કબીલાવાળા છે અને તેઓ કુંટુંબના એક માત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત હું સ્વીકારૂ છું અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવુ છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકિકતોને ધ્યાને લેતાં, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:– <u>હુકમ</u> –:**

આ કામના આરોપીઓ નં. (૧) રમેશજી વાઘુજી રૂપાજી ઠાકોર, હાલ રહે. હારીજ, ખેમાસર તા. હારીજ, મુળ રહે. ચડાસણા, તા. બેચરાજી, જી. મહેસાણા નં. (૨) રમેશજી ઉર્ફે કાળાજી ઝેણાજી મેવાજી ઠાકોર, રહે. હારીજ ખેમાસર, તા. હારીજ, જી. પાટણ નં.(૩) સેંધાજી વેરસીજી ખેતાજી ઠાકરો , રહે. હારીજ, ખેમાસર, તા. હારીજ, જી. પાટણ નં. (૪) રાહુલજી પોપટજી પુનાજી ઠાકોર, રહે. હારીજ, ખેમાસર, તા. હારીજ, જી. પાટણ નં. (૭) પ્રકાશજી નાથુજી મફાજી ઠાકોર, રહે. હારીજ ખેમાસર, તા. હારીજ, જી. પાટણ નાઓને જુગારધારાની કલમ ૧૨ મુજબ બી.એન.એસ.એસની ક.૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા) એમ કુલ રૂ. ૧૦૦૦/–(કુલ રૂપીયા એક હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે. આરોપીઓ જો દંડની રકમ ન ભરે તો દિન–૨ (બે) ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ કામના આરોપીઓ (૫) ધરતીજી કાન્તીજી તેજાજી ઠાકોર (૬) દિનેશજી કાન્તીજી વિસાજી ઠાકોર (૮) વિપુલકુમાર મફતલાલ મગનભાઈ દેસાઈ સામે કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, તા–૦૭ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૨/૨૦૨૬
હારીજ.

(કે.એન.પુરાણી)
જયુડી.મેજી.ફ.ક., હારીજ
જજ કોડ નં. જીજે –૦૧૫૨૮